ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું મુખપત્ર

નવેમ્બર - ડિસેમ્બર-૨૦૧૨

# હાયર મેસેજ



વર્ષ : ૧૩ અંક : ૩-૪ સળંગ અંક : ૭૪-૭૫ તા. ૧૫-૦૧-૨૦૧૩

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- છુટક લવાજમ રૂા. ૨૦/-

પ્રમુખ, તંત્રી અને પ્રકાશક
શ્રી પંકજભાઈ કે. પટેલ
અમદાવાદ ગ્રામ્ય

મહામંત્રી
શ્રી વિનોદભાઈ જે. પટેલ
અમદાવાદ શહેર

મુખ્ય સંપાદક
શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર
અમદાવાદ શહેર

કાર્યાલય : ડૉ.,પ્રો.આર. એસ. ત્રિવેદી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક ભવન
હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, પાલડી, અમદાવાદ

## જાહેરાતના દર

વર્ષ : ૧૩
કુલ : ૭૭ અંક

| પેજની વિગત | વાર્ષિક રૂપિયા | અંક-૧ ના રૂપિયા |
|---|---|---|
| કવર પેજ (ફોર કલર) નં. ૪ | ૧૫,૦૦૦ | ૩,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૨ | ૧૨,૫૦૦ | ૨,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૩ | ૧૦,૦૦૦ | ૨,૫૦૦ |
| સાદું પેજ | ૬,૦૦૦ | ૧,૫૦૦ |

## હાયર મેસેજનું અંગેનુ માર્ગદર્શન

- હાયર મેસેજનું લવાજમ સપ્ટેમ્બરથી ઓગસ્ટ સુધીનું ગણાય છે.
- હાયર મેસેજનું દર બે મહિને પ્રગટ થાય છે.
- હાયર મેસેજનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છે.
- હાયર મેસેજમાં પ્રગટ થતાં લેખની જવાબદારી લેખકની રહેશે.
- વર્ષ : ૧૩મા માટેના હાયર મેસેજના લવાજમો જે તે જિલ્લાના પ્રમુખશ્રીઓ દ્વારા મોકલવાના રહેશે.
- જિલ્લા ઘટક સંઘોએ હાયર મેસેજના સભ્યોની યાદી પૂરા નામ, સરનામા, પીનકોડ નંબર સાથે લવાજમની રકમ 'પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ. મા. શિક્ષક સંઘ મહામંડળ' ના નામ જોગ ડ્રાફટ/ચેક મુખ્ય સંપાદકને મોકલવો.
- **મની ઓર્ડર દ્વારા હાયર મેસેજનું લવાજમ મોકલનાર મિત્રોએ મનીઓર્ડર સ્લીપમાં પૂરું નામ અને સરનામું અવશ્ય લખવું. કેટલાક મનીઓર્ડર સ્લીપમાં નામ કે સરનામા લખેલ હોતા નથી, જેથી હાયર મેસેજ મોકલી શકાતું નથી.**
- વ્યક્તિગત લવાજમ ભરનાર મિત્રોને વિનંતી કે તમારું લવાજમ મળે તે વખતે અગાઉ પ્રસિદ્ધ થયેલ હાયર મેસેજનો સ્ટોક હશે તો જ અગાઉના અંકો મોકલવામાં આવશે.
- **ઘટક સંઘોના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારા જિલ્લાના હાયર મેસેજના પાર્સલ મેળવવાનું સરનામું બદલાય તો તરત જ જાણ કરવી. પાર્સલ મેળવવાનું સરનામું જિલ્લાના સ્થળે રાખવું, જેથી કુરિયર સેવા ઉપલબ્ધ બને.**
- હાયર મેસેજ અંગે કોઈપણ ફરિયાદ અંગે મુખ્ય સંપાદક જોડે પત્ર વ્યવહાર કરવો કે ટેલીફોન કરવો.

## ...સંપાદકીય...

સંપાદકીય...

સારસ્વત મિત્રો...,

જય સરસ્વતી...!!!

— હાયર મેસેજનો આ વર્ષ : ૧૩ નો અંક ૨-૩ છે.

— નવેમ્બર, ૨૦૧૨થી હાયર મેસેજનું ૧૩મું વર્ષ શરૂ થયેલ છે.

— હાયર મેસેજના ૧૩મા વર્ષના વ્યક્તિગત લવાજમો નીચેના સરનામે મોકલવા વિનંતી.

શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર (મુખ્ય સંપાદક)
૪૧, ડાહ્યાલાલ પાર્ક,
કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ-૩૦.

- ઘટક સંઘોના પદાધિકારી મિત્રોને વિનંતી કે, તમારા જિલ્લામાંથી વધારેમાં વધારે હાયર મેસેજના વ્યક્તિગત લવાજમો ભરાય તેવા પ્રયત્નો કરશો.

હાયર મેસેજ આપણા મહામંડળનું મુખપત્ર છે. તેનું જતન કરવાની આપણી જવાબદારી છે. ફરીથી.. આજ સુધી તમારા સૌનો મળેલ સહકાર બદલ સમગ્ર ઉ.મા. શિક્ષક મિત્રોનો આભાર. હાયર મેસેજ ટાઈટલને દિલ્લીથી મંજુરી મળેલ છે. આર.એન.આઈ. નંબર માટે કાર્યવાહી ચાલુ છે.

આપનો, પ્રવિણસિંહ ડી. પરમાર
મુખ્ય સંપાદક, હાયર મેસેજ

## મુંઝવણ અને માર્ગદર્શન

આપની મુંઝવણ અને પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા નીચેના સરનામે પત્ર લખશો. આપના પ્રશ્નના જવાબ ત્યાર પછીના અંકમાં લેવાશે.

**નીતીન ટી. પંડ્યા**
બી-૨, નવનીધી એવન્યુ, મેમનગર, અમદાવાદ.
મો. : ૯૮૨૫૩ ૧૭૩૦૭

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું

મુખપત્ર

# હાયર મેસેજ

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦

## ઉચ્ચતર સંદેશ

વર્ષ : ૧૩ અંક : ૩-૪ તા. ૧૫-૦૧-૨૦૧૩ સળંગ અંક : ૭૪-૭૫

: પ્રમુખ, તંત્રી અને પ્રકાશક :
**શ્રી પંકજભાઈ કે. પટેલ**
(પ્રમુખ)
૨૦, સૂર્યરત્ન બંગલોઝ,
સરસ્વતી સ્કૂલ પાછળ,
સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
મો. : ૯૪૨૬૦૧૫૦૯૧
મો. : ૯૭૨૭૦-૭૩૫૬૯

: મુખ્ય સંપાદક :
**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર**
૪૧, ડાહ્યાલાલ પાર્ક,
કઠવાડા રોડ, નરોડા,
અમદાવાદ-૩૦.
(મો.) ૯૪૨૬૫૫૧૧૯૯
ફોન : ૨૨૮૧૨૭૨૮

: મહામંત્રી :
**વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર,
કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨
ફોન : ૨૫૮૩૨૮૨૮

: સહતંત્રી :
**અરવિંદ જે. પટેલ**
૭, અક્ષરપાર્ક, સાંઈબાબા મંદિર પાસે, આણંદ-૩૮૮૦૦૧.
મો. : ૯૯૦૪૧૬૪૮૦૮

: સહ સંપાદક :
**ભરતભાઈ વી. વ્યાસ**
સી-૩૨, નંદીપાર્ક, સૈજપુર,
અમદાવાદ-૪૬.
મો. : ૯૪૨૭૪૦૦૩૩૨

## -: સંપાદક મંડળ :-

(૧) શ્રી મહેશભાઈ આર. પટેલ (અમદાવાદ જિલ્લો)
(૨) શ્રી ભરતભાઈ એ. પટેલ (મહેસાણા જિલ્લો)
(૩) શ્રી વસંતભાઈ એલ. નેસકર (સુરત જિલ્લો)
(૪) શ્રી ઈબ્રાહીમ સી. સુમરા (દાહોદ જિલ્લો)
(૫) શ્રી ભરતભાઈ જે. લાડ (નવસારી જિલ્લો)
(૬) શ્રી એસ. કે. પટેલ (તાપી જિલ્લો)
(૭) શ્રી ગીરધર આર. ફળદુ (જામનગર જિલ્લો)
(૮) શ્રી ગીરીશભાઈ એ. પટેલ (જૂનાગઢ જિલ્લો)
(૯) શ્રી મનોજ આર. લોઢા (કચ્છ જિલ્લો)
(૧૦) શ્રી નરસિંહભાઈ પી. ચૌધરી (બનાસકાંઠા જિલ્લો)
(૧૧) શ્રી આર. બી. ડુમર (પોરબંદર જિલ્લો)

### ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ઉ.મા. સંવર્ગના સદસ્યશ્રીઓ

(૧) શ્રી પીયૂષભાઈ જે. શાહ (પંચમહાલ)
(૨) શ્રી મહેન્દ્રસિંહ બી. ગોહિલ (વલસાડ)
(૩) શ્રી રામજીભાઈ વી. દેસાઈ (મહેસાણા)

## -: મહામંડળ હોદ્દેદારો :-

| નામ | હોદો | જિલ્લો |
|---|---|---|
| શ્રી પંજકભાઈ કે. પટેલ | પ્રમુખ | અમદાવાદ ગ્રામ્ય |
| શ્રી વિનોદભાઈ જે. પટેલ | મહામંત્રી | અમદાવાદ શહેર |
| શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ | ઉપપ્રમુખ | ભરૂચ |
| શ્રી કમલેશ કે. પટેલ | ઉપપ્રમુખ | સાબરકાંઠા |
| શ્રી જયંતીલાલ એમ. ગડારા | ઉપપ્રમુખ | રાજકોટ |
| શ્રી વિજયભાઈ પી. પટેલ | ઉપપ્રમુખ | મહેસાણા |
| શ્રી જયેશભાઈ ડી. ઈનામદાર | પ્રાદેશીકમંત્રી | નડીયાદ |
| શ્રી જશજીતસિંહ એચ. પરમાર | સહમંત્રી | વડોદરા |
| શ્રી રામસંગભાઈ એલ.ચૌધરી | સહમંત્રી | પાટણ |
| શ્રી નરેન્દ્રસિંહ ઠાકોર | સહમંત્રી | વલસાડ |
| શ્રી કેશુભાઈ વીરાવલ | સંગઠનમંત્રી | પંચમહાલ |
| શ્રી મફાભાઈ એમ. દેસાઈ | સંગઠનમંત્રી | ગાંધીનગર |
| શ્રી વિરેન્દ્રસિંહ જી. પરમાર | સંગઠનમંત્રી | નર્મદા |
| શ્રી અશોકભાઈ પી. મહેતા | સંગઠનમંત્રી | ભાવનગર |
| શ્રી સંદીપ એલ. પટેલ | ખજાનચી | સુરેન્દ્રનગર |
| શ્રી રામસિંગ પી. જાદવ | અન્વેષક | અમરેલી |

# .......પ્રમુખશ્રીનો પત્ર.....



શિક્ષક મિત્રો,

હાયર મેસેજ વર્ષ-૧૩, અંક : ૩-૪, સળંગ અંક : ૭૪-૭૫ તા. ૧૫-૧-૨૦૧૩ ના રોજ આપના સહકારથી બહાર પાડેલ છે. હાયર મેસેજના વ્યક્તિગત સભ્યોમાં વધારો થયેલ છે જે અપેક્ષા કરતાં ઓછો છે જે સભ્યો વધારવા રાજ્યના હોદ્દેદારો, જિલ્લા પ્રમુખ-મંત્રી અને કારોબારી સભ્યો પ્રયત્ન કરે તેવી વિનંતી.

હાયર મેસેજના જિલ્લા વ્યક્તિગત સભ્યો રાજકોટ-૧૪૭, પંચમહાલ - ૧૦૦, દાહોદ-૫૧, વડોદરા - ૩૪, ભાવનગર-૫૫, બનાસકાંઠા-૧૪૦, સુરત -૩૪, ગાંધીનગર-૪૦, વ્યક્તિગત -૫૦ થયેલ છે અન્ય જિલ્લા તેમાંથી પ્રેરણા લે તેવી વિનંતી.

ગુજરાત રાજ્યની વિધાનસભાની ચુંટણીનું પરિણામ તા. ૨૦-૧૨-૧૨ ના રોજ આવ્યું. ચુંટાનાર તમામ ધારાસભ્યશ્રીઓને અભિનંદન. **ખાસ સતત ચોથીવાર મુખ્યમંત્રી** તરીકે નીમાવા બદલ **મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીને** અભિનંદન. તેઓશ્રીના નેતૃત્વમાં રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને સમગ્ર દેશ અને દુનિયાને ગુજરાત રાહ ચિંધે તેવી અભ્યર્થના.

નવા વરાયેલ **શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા** અને રાજ્યકક્ષાના **મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી** ને ખાસ અભિનંદન. તેમન્ના નેતૃત્વમાં રાજ્યના શિક્ષણનો વિકાસ થાય અને શિક્ષણ જગતના પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવે તેવી અપેક્ષા.

તા. ૭-૧-૧૩ ના રોજ **શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને** આપણી માંગણીઓ અંગે આવેદનપત્ર આપેલ છે જે આ અંકમાં સામેલ છે. તા. ૭-૧-૧૩ ના રોજ ટ્રાન્સપોર્ટ એલાઉન્સની બજેટમાં જોગવાઈ કરવા અંગે સંકલન સમિતિ દ્વારા શિક્ષણમંત્રીશ્રીને પત્ર આપવામાં આવ્યો હતો જે આ અંકમાં સામેલ છે.

CCC ની મુદત લંબાવવા કે ૫૩ વર્ષે CCC માંથી મુક્તિ અંગે સામાન્ય વહીવટી વિભાગમાં પત્ર લખેલ છે. જે આ અંકમાં સામેલ છે. ચુંટણીના લીધે ઘણા શિક્ષકો LTC નો લાભ લઈ શક્યા નથી જેથી LTC ના બ્લોકની મુદત વેકેશન તા. ૧૫-૬-૧૩ સુધી લંબાવવા નાણાં વિભાગને પત્ર પાઠવેલ છે.

કમિશ્નરશ્રી સોમ સાહેબ સમક્ષ તા. ૭-૧-૧૩ ના રોજ ૩૦૦ રજાના રોકડ રૂપાંતર અંગે, મેડીકલ ભથ્થું ૧૦૦ રૂપિયાને બદલે ૩૦૦ રૂપિયા અને LTC નો દસ દિવસની ખાસ રજા અંગેના પરિપત્રનો અમલ ડી.ઈ.ઓ. દ્વારા કરાવવા રજૂઆત કરેલ છે.

ગુ. મા. અને ઉ. મા. બોર્ડની પરીક્ષા સમિતિમાં પરીક્ષાકાર્યના મહેનતાણા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે મહામંડળે બોર્ડને અગાઉ આવેદનપત્ર મોકલ્યું હતું. બોર્ડની પરીક્ષા સમિતિ નાણાં સમિતિ અને કારોબારીમાં મહેનતાણા વધારા કરવામાં આવ્યા છે તે બદલ આપણા **ત્રણેય સભ્યશ્રી મહેન્દ્રસિંહ ગોહિલ, શ્રી રામજીભાઈ દેસાઈ, શ્રી પિયુષભાઈ શાહ**ને ખાસ અભિનંદન.

પરીક્ષા સમિતિમાં ધો.૧૦ બે કલાક અને ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહ બે કલાક પેપર ચકાસણીના રૂા. ૫-૦૦ સરખું મહેનતાણું આપવાનું નક્કી કર્યું હતું. સામાન્ય પ્રવાહમાં ૪ રૂપિયાના બદલે ૬ રૂપિયા નક્કી કર્યા હતા જેનો મહામંડળ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો જેના ફળ સ્વરૂપે વિજ્ઞાન પ્રવાહ ધો.-૧૦ થી અગલ પાંચ રૂપિયાના બદલે ૬ રૂપિયા મહેનતાણું નક્કી કરેલ છે જ્યારે ધો.-૧૨ સામાન્ય પ્રવાહમાં ૪ રૂપિયાના બદલે રૂપિયા ૬.૫૦ મહેનતાણું નક્કી કરેલ છે. સ્થાનિક ભથ્થું રૂા. ૭૫ ને બદલે રૂા. ૯૦ નક્કી કરેલ છે અને ખાસ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રને ખુરશી અને ગાદી લાવવાં માટે શિક્ષક દીઠ ૧૦૦ રૂપિયા બોર્ડ દ્વારા આપવામાં આવ્યા છે જેથી ભવિષ્યમાં તમામ કેન્દ્રમાં ક્રમશઃ ખુરશી અને ગાદીની વ્યવસ્થા થશે. મહેનતાણા વધારા બદલ **બોર્ડના ચેરમેનશ્રી વરસાણી સાહેબનો તથા તમામ અધિકારીશ્રી અને બોર્ડના સભ્યોનો** આભાર માનવામાં આવે છે.

પંકજભાઈ કે. પટેલ
પ્રમુખ, ગુ. રા.ઉ. મહામંડળ

## ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ

પ્રતિ,
મા. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા
શિક્ષણ મંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય

**વિષય : ટ્રાન્સપોર્ટ એલાઉન્સની બજેટમાં જોગવાઈ કરતા બાબત**

મા. સાહેબશ્રી,

જયભારત સાથએ જણાવવાનું કે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટ ઈન એઈડ શાળાના શિક્ષકો-આચાર્યો અને વહીવટી કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળતું નથી. સરકારી કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષકોને ટ્રાન્સપોર્ટ એલાઉન્સનો લાભ મળે છે.

ચૂંટણીની આચાર સંહિતા અગાઉ આ અંગેની દરખાસ્ત નાણાં વિભાગમાં મોકલેલ હતી, પરંતુ તેનું પરિણામ પ્રાપ્ત થઈ શક્યું નથી તો આગામી બજેટમાં 'બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો- આચાર્યો - અને કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ નો લાભ મળે' તે અંગે આગામી બજેટમાં જોગવાઈ કરવા વિનંતી.

રમેશભાઈ બી. પટેલ
પંકજભાઈ કે. પટેલ

## : સરકારમાં રજૂઆત કરેલ પત્રો :

ધો. ૧૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ - બે કલાકના પેપર ચકાસણીના સંરખા કરેલ મહેનતાણાનો વિરોધ

ક્રમાંક : ૧/૧૩
તા. ૭-૧-૨૦૧૨

પ્રતિ,
મા. વરસાણી સાહેબ
ચેરમનેન શ્રી ગુ.મા. ઉ.મા. બોર્ડ, ગાંધીનગર.
મા. સાહેબશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે ધો. ૧૦, ૧૨ ની જાહેર પરીક્ષાના તમામ પરીક્ષા કાર્યના મહેનતાણા વધારવા બદલ આપશ્રીનો ખૂબ ખૂબ હૃદયપૂર્વકનો આભાર. સામાન્ય પ્રવાહ, સુપરવાઈઝર, સ્થાનિક ભથ્થાંના મહેનતાણા વધારવા બદલ આભાર. મુલ્યાંકન કેન્દ્ર ઉપર શિક્ષક દિઠ ૧૦૦ રૂપિયા ગાદી અને ખુરશી લાવવા માટે મંજુર કરવામાં આવ્યા છે જે બદલ ખાસ અભિનંદન.

ધો.-૧૦ બે કલાકનું પેપર અને ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહ બે કલાકનાં પેપરના મહેનતાણાં સરખા રૂા. ૫-૦૦ રાખવામાં આવ્યા છે. ધો.૧૦ કરતા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પેપર ચકાસણી કાર્યમાં ખૂબ જ તફાવત છે. ધો.૧૨ ના પેપર ચકાસણી કાર્ય વધુ સમય જાય છે. વિજ્ઞાન પ્રવાહમાં પેપર ચકાસવામાં વિદ્યાર્થીનું ભાવી ઘડતર થાય છે માટે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું મહેનતાણું રૂા. ૫-૦૦ કરવામાં આવ્યું છે તેનાથી વધારો ધો. ૧૦ કરતા અલગ રૂા. ૬-૦૦ કરવા વિનંતી.

પંકજભાઈ કે. પટેલ
પ્રમુખ, ગુ. રા. ઉ. મહામંડળ

•

ક્રમાંક : નં. ૧/૧૩
તા. ૪-૧-૨૦૧૩

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
સામાન્ય વહીવટી વિભાગ,
ગુજરાત રાજય, ગાંધીનગર

વિષય : સી.સી.સી. ની પરીક્ષા અંગે

મા. સાહેબશ્રી,

જયભારત સાથે જણાવવાનું કે રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો અને કર્મચારીઓને ૯-૨૦-૩૧નું પગાર ધોરણ મેળવવા માટે સી.સી.સી. ની પરીક્ષા આપવી અનિવાર્ય છે.

તા. ૩૧-૧૨-૧૨ સુધીમાં સી.સી.સી. ની પરીક્ષા પાસ કરવાનું આપના વિભાગમાંથી ઠરાવેલ છે. પરંતુ રાજયનાં ઘણા શિક્ષકોએ ચૂંટણીનાં કારણે કે સરકાર માન્ય સંસ્થામાં તાલીમ ન મળવાનાં કારણે કે સરકાર માન્ય સંસ્થામાં પરીક્ષા આપવા માટે તક ન મળવાનાં કારણે સી.સી.સી.ની પરીક્ષા પાસ કરેલ નથી માટે તા. ૩૦-૬-૨૦૧૩ સુધીમાં પરીક્ષા પાસ કરી શકાય તે અંગે મુદત વધારવા વિનંતી. તદ્ઉપરાંત તા. ૩૦-૬-૨૦૧૩ સુધીમાં પરીક્ષા પાસ કરવાની શરતે ૯-૨૦-૩૧ નો લાભ આપવા વિનંતી. ઉત્તર અપેક્ષા સહ....

આભાર...

પંકજભાઈ કે. પટેલ
પ્રમુખ, ગુ. રા. ઉ. મહામંડળ

•

જા. ક. ૬/૧૩ તા. ૫-૧-૧૩

પ્રતિ
નાણાં સચીવશ્રી,
ગુજરાત રાજય

વિષયઃ એલ.ટી.સી. બ્લોકની મુદત વધારવા અંગે

મા. સાહેબ

જય ભારત સાથે જણાવવાનું કે એલ.ટી.સી. નો બ્લોક તા. ૩૧-૧૨-૧૨ ના રોજ પૂર્ણ થયેલ છે. ચુંટણીના કારણે શિક્ષકો અને કર્મચારીઓ ડીસેમ્બર માસમાં એલ.ટી.સી. માં જઈ શક્યા નથી માટે આ બ્લોક તા. ૩૦-૬-૧૩ સુધી લંબાવવા વિનંતી. જેથી હાલના બ્લોકનો લાભ શિક્ષકો અને કર્મચારીઓ લઈ શકે.

આભાર

પંકજભાઈ કે. પટેલ
પ્રમુખ, ગુ.રા.ઉ.મહામંડળ

## નવા વરાયેલ શિક્ષણમંત્રીશ્રીને આપેલ આવેદનપત્ર

ક્રમાંક : ૦૩/૧૩ તા. ૭-૧-૨૦૧૩

પ્રતિ,
ભુપેન્દ્રસિંહ ચુડામસા
શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય.

**વિષય : ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના પડતર પ્રશ્નોના ઉકેલ બાબતે સત્તાવાર મિટીંગ બાબતે**

માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે અમારા મહામંડળ ધ્વારા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના નીચેના પ્રશ્નો અંગે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ મળ્યો નથી. સામાન્ય બાબતને અસામાન્ય બનાવી પ્રશ્નોને ખોટી રીતે ગુંચવવામાં આવે છે જેથી શિક્ષકો મુશ્કેલીમાં મુંકાય છે અને તેમના અસંતોષમાં વધારો થાય છે માટે નીચેના પ્રશ્નોનો તાકીદ ઉકેલ લાવવા વિનંતી.

— તા. ૦૩-૬-૯૮ પછી નિમાયેલ ૩૦૦૦૦ થી વધુ સાથી સહાયક - વહીવટી સહાયક - માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક - આચાર્યને કાયમી રક્ષણ અપાતું નથીતે વર્ગ ઘટતા, શાળાની માન્યતા રદ થતા કે શાળા બંધ થતાં મલવું જોઈએ. સરકારમાં નિમણુંક પામતા કોઈપણ કર્મચારીને કાયમી રક્ષણ છે તો શિક્ષકોને કેમ રક્ષણ નહીં શિક્ષકો પ્રત્યે આ પ્રશ્ન અંગે ઓરમાયુ વર્તન રખાયું છે. સરકારી કર્મચારીઓને રક્ષણ અને ગુરૂજનોને રક્ષણ નહીં તેવી બે ધારી નીતી આપશ્રી દ્વારા દૂર કરી તા. ૩૦-૯-૦૯ સુધી નીમાયેલા બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, શાળાનાં શિક્ષકો, આચાર્ય, વહીવટીય કર્મચારીને રક્ષણ આપવા વિનંતી. હવે પછીની ભરતી સરકારશ્રી દ્વારા જ થવાની છે. માટે કાયમી રક્ષણનો મુળભુત અને પાયાનો પ્રશ્ન હલ કરવા વિનંતી.

— પાંચમા અને છઠ્ઠા પગાર પંચમાં તમામ કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવામાં આવ્યું છે. ફક્ત શૈક્ષણિક કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપ્યું નથી, આ પ્રશ્ન અંગે પણ ગુરૂજનોને કોઈ કારણ વગર બાકાત રખાયા છે. અન્ય રાજ્યોમાં શિક્ષકોને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ અપાય છે ફક્ત ગુજરાતમાં જ અપાતું નથી. તા. ૩૦-૧૦-૨૦૧૨ ના રોજ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવાનો સરકારે જે ઠરાવ બહાર પાડેલ છે તેમાં ઘણી ગ્રાન્ટઈન એઈડ સંસ્થાને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ અપાયું છે ફક્ત બિનસરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાના કર્મચારીઓને અન્યાય કર્યો છે. જે અંગે સરકારશ્રીની બે ધારી નીતી છે. તે આપશ્રી દુર કરી પાયાની માંગણી હલ કરો તેવી વિનંતી. તત્કાલીન સરકારે તા. ૦૧-૦૪-૦૧ થી ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવા વિચાર્યું હતું પરંતુ કમનસીબે હજી સુધી શિક્ષકોને તે મલી શક્યું નથી. પટાવાળાથી માંડી પ્રિન્સીપાલ સુધી અસર કરતી આ માંગણી હલ કરવા વિનંતી. શક્ય હોય તો નવા બજેટમાં આ અંગે જોગવાઈ કરાવવા વિનંતી.

— તા. ૧૪-૯-૧૦ નાં રોજ બહાર પાડેલ એન્ટ્રી લેવલ પે-સ્કેલ પગારને આનુષાંગિક વધારો હોવા છતા ફક્ત શિક્ષકો અને આચાર્ય માટે તેનો અમલ કરાયો નથી. શિક્ષણ વિભાગમાંથી આ દરખાસ્ત તા. ૧૪-૨-૨૦૧૧નાં રોજ નાણાં વિભાગમાં ગયેલ હોવા છતાં સરકારનાં નાણા વિભાગ દ્વારા આ દરખાસ્ત

મંજુર કરેલ નથી. તે અંગે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

— શિક્ષકો - આચાર્યો - વહીવટી કર્મચારીઓએ એક માસથી વધુ સમય માટે વેકેશનમાં વસ્તી ગણતરીનું કાર્ય કર્યું હતું. આ કામગીરીની ખાસ રજા અંગેની દરખાસ્ત શિક્ષણ વિભાગ દ્વારા નાણાં વિભાગમાં તા. ૧૪-૨-૨૦૧૧ નાં રોજ ગયેલ છે છતાં આ દરખાસ્ત હજુ સુધી મંજુર કરેલ નથી.

— જી. પી. એફ. વ્યાજ વધારો એલ.ટી.સી. વગેરે લાભ શિક્ષકોને વર્ષોથી મળે છે છતાં જ્યારે નાણાં વિભાગે ઠરાવ બહાર પાડ્યા ત્યારે શિક્ષકોનો ઉલ્લેખ તેમાં કરાયો નથી જેથી સરકારી કર્મચારીઓને લાભ મળ્યા બાદ છ-આઠ માસ પછી શિક્ષકોને તેનો લાભ મળે અથવા ન પણ મળે. જેથી એલ.ટી.સી.નાં દસ દિવસનાં ઠરાવમાં તેમજ જી.પી.એફ. વ્યાજ વધારાનાં ઠરાવમાં બિનસરકારી મા. તેમજ ઉ.મા. ગ્રાન્ટ ઈન એડ શાળાને લાગુ પડશે તેવો ઉલ્લેખ કરાવવા વિનંતી.

— ૩૦૦ રજા નિવૃત્તિ સમયે આપવાની મુખ્યમંત્રીશ્રી એ તા. ૩-૧૦-૨૦૧૨નાં રોજ જાહેરાત કરી હતી છતાં શિક્ષણ વિભાગ દ્વારા તેનો ઠરાવ બહાર પાડેલ નથી. આ અંગે અલગ રજૂઆત અગાઉ કરેલ છે જે લાભ અપાવવા વિનંતી.

— સરકારનાં તમામ કર્મચારીઓને ૯-૨૦-૩૧ નો લાભ મળે છે. શિક્ષકોને બઢતીની કોઈ તક ન હોવા છતાં ઉ.મા. શિક્ષકોને ૩૧ વર્ષનો લાભ મળતો નથી. આ અગે અલગ રજુઆત અગાઉ કરેલ છે જે લાભ અપાવવા વિનંતી.

— ૫૩ વર્ષે સી.સી.સી.માંથી મુક્તિ અંગે શિક્ષણ વિભાગમાંથી દરખાસ્ત સામાન્ય વહીવટીય વિભાગમાં મોકલેલ છે. પણ દરખાસ્ત મંજુર કરી નથી. નિવૃત થનાર કર્મચારીઓને પેન્શન બંધાયલે નથી. કેન્દ્રો ઓછા હોવાને કારણે ઘણા પરીક્ષા આપી શક્યા નથી. માટે ૫૩ વર્ષે સી.સી.સી. માંથી મુક્તિ આપવી તેમજ ૩૦-૬-૨૦૧૩ સુધી વધુ ૬ માસમાં પરીક્ષા આપી શકાય તે અંગે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

— સરકારશ્રી દ્વારા વાંચે ગુજરાત કાર્યક્રમનું આયોજન કરેલ છે. જ્યારેગ્રંથપાલોને જ અન્યાય કર્યો છે. તા. ૦૧-૦૧-૯૬ પહેલા નવ વર્ષ પૂર્ણ કરતાં ગ્રંથપાલોને ૫૦૦૦ મળે. જ્યારે તા. ૧-૧-૯૬ પછી નવ વર્ષ પૂર્ણ કરતા હોય તો તેને ૪૫૦૦ મળે. આજ પ્રકારનો નોન-ટીચીંગ અને રોજગાર વિભાગનાં કર્મચારીમાં હતો ત્યાં પૂર્ણ થઈ ગયો જ્યારે ઉ.મા. શાળાનાં ગ્રંથપાલનો પ્રશ્ન ઘણા વર્ષથી હલ કર્યો નથી જે હલ કરવા વિનંતી.

— ઉદ્યોગ શિક્ષકોને મદદનીશ શિક્ષકોનો પગારનો પ્રશ્ન ઘણા સમયથી ઉકેલાયો નથી. મદદનીશની લાયકાત ધરાવતા ઉદ્યોગ શિક્ષકોને ૧૬૪૦-૨૯૦૦ નું પગાર ધોરણ આપવા વિનંતી આ અંગે અગાઉ અલગથી રજૂઆત આપેલ છે.

— હાઈકોર્ટના ચુકાદાનો અમલ :

ફિક્સ પગાર ધરાવતા કર્મચારી માટે હાઈકોર્ટના ચુકાદાનો સત્વરે અમલ કરવો અને સહાયકનો સમયગાળો ઉચ્ચતર પગારનો લાભ આપવા માટે ગણતરીમાં લેવો.

— નાણાં વિભાગ ધ્વારા બહાર પડાતા ઠરાવો જે બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને સ્પર્શે છે, તેમાં ગ્રાન્ટેડ શાળાના કર્મચારી અને શિક્ષકોને લાગું પડતો ઉલ્લેખ કરવો.

— તારીખ ૨૫-૦૨-૨૦૧૧ ના ઠરાવ અગાઉ તા. ૩૦-૬-૧૯૯૮ ના ઠરાવ પછી માધ્યમિક શિક્ષક,

ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, આચાર્યશ્રી, સાથી સહાયક, વહીવટી સહાયકને છૂટા કરેલ છે તેને પુનઃ નોકરીમાં લેવા અંગે.

- કેન્દ્ર અનુસાર માધ્યમિક શિક્ષક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, વહીવટી કર્મચારીઓને તથા આચાર્યશ્રીને એક સ્ટેજ ઉચું પગાર ધોરણ આપવું.
- તબીબી ભથ્થું તા. ૩-૧૦-૧૨ થી રાજ્ય સરકારનાં કર્મચારીને ૧૦૦ ના બદલે રૂા. ૩૦૦ આપવામાં આવ્યું. જેનો અમલ પેન્શન પાત્ર શિક્ષકોમાં કરવામાં આવ્યો છે પણ હાલ પટાવાળાથી માંડી પ્રિન્સીપાલ સુધી ચાલુ નોકરીમાં છે તે કર્મચારીઓને તબીબી ભથ્થું આપવામાં આવ્યું નથી જે આપવા વિનંતી ઠરાવમાં માધ્યમિક શિક્ષકોને આપવું તેવો ઉલ્લેખ ન હોવાથી શિક્ષણ વિભાગ તેમજ શિક્ષણ કમિશ્નરની કચેરી તેનો અમલ ડી.ઈ.ઓ. કચેરી પાસે કરાવતી નથી જે કરાવવા વિનંતી.
- સુપરવાઈઝર એલાઉન્સ ૧૫૦ ને બદલે ૧૦૦૦ કરવું. તા. ૨૫-૭-૮૩નાં શિક્ષણ અને મજુર વિભાગનાં ઠરાવ અનુસાર અને તા. ૧૩-૨-૮૪ નાં ઉચ્ચ શિક્ષણ નિયામકનાં ઠરાવ અનુસાર તેનાં પર મોંઘવારી ગણી અને તે પાર્ટ ઓફ ધ પે ગણવું અને પેન્શનનાં હેતુ માટે માન્ય ગણવું.
- સરાસરી હાજરી અંગે તા. ૮-૩-૧૧ ના ઠરાવ અનુસાર ગ્રામ્ય વિસ્તારની શાળાને લાગુ પડતી બાબત શહેર વિસ્તારની શાળાઓને લાગુ પાડવી જેથી શહેરી વિસ્તારમાં ઓછા કર્મચારી ફાજલ પડે. શહેર વિસ્તારમાં સરાસરીમાં દસ વિદ્યાર્થીની છુટ આપવી.
- હાઈકોર્ટ કે ટ્રિબ્યુનલના વ્યક્તિગત ચુકાદાઓનો તાકીદે અમલ કરવો.
- માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના લઘુલાયકાત ધરાવતા સા. પ્રવાહ, વિ.પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ કર્મચારીઓને તાકીદે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવો. લઘુ લાયકાત વાળા ૨૧૧ શિક્ષકોની યાદી શિક્ષણ વિભાગે તૈયાર કરેલ છે. માત્ર અમદાવાદ શહેર અને જિલ્લાના શિક્ષકોનું જ ફીક્શેસન થયેલ નથી. ઘણા શિક્ષકો તો નિવૃત પણ થઈ ગયા માટે તાકીદે લઘુલાયકાત વાળા ત્રણે પ્રવાહના શિક્ષકોના ફિક્શેશન કરવા વિનંતી.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવા તેમજ જુના શિક્ષકોનો રેસીયો ૩ : ૧ છે તે મુજબ જુના શિક્ષકની ભરતીમાં ટાટ યોગ્યતા કસોટીમાંથી મુક્તિ આપવી જોઈએ અને તે મુજબ જુના શિક્ષકની ભરતી કરવી જોઈએ. આ અંગે અલગ રજૂઆત આપેલ છે.
- વિજ્ઞાનપ્રવાહના લેબ કો-ઓર્ડીનેટરને ૧૯૯૫ સુધીમાં બી.એડ. કરેલ હોય તો તેને ૧૬૪૦-૨૯૦૦ નું પગાર ધોરણ મંજુર કરેલ છે. પરંતુ રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળામાં બી.એડ. માં પ્રવેશ ન મલવાને કારણે ફક્ત ૦૮ શિક્ષકોને આ પગાર ધોરણ મલ્યું નથી જે આપવા વિનંતી તેની અલગ આધાર સાથે રજૂઆત આપેલ છે.
- વિજ્ઞાન પ્રવાહમાં ભાષા અને અન્ય વિષયનો એક શિક્ષક ખૂટે છે. જો ચાર વર્ગની શાળા વિજ્ઞાન પ્રવાહની હોય તો તેમાં એક શિક્ષકનો કાર્યભાર પૂર્ણ થઈ જાય છે માટે તેમાં અંગ્રેજી/સંસ્કૃત, અંગ્રેજી/ગુજરાતી ભાષા શિક્ષક અલગ આપવા વિનંતી.
- કેન્દ્રના ધોરણે ૧૦-૨૦-૩૦ ઉચ્ચતર પગાર ધોરણ ઉચ્ચતર શિક્ષકોને આપવું.
- ટ્યુશન પ્રથા રાજ્યમાં શાળાના શિક્ષકો માટે કાયદાથી રદ કરેલ છે ત્યારે ડૉક્ટરની જેમ નોન પ્રેક્ટીસ

એલાઉન્સ શિક્ષકોને આપવું.

— શાળાના શિક્ષકોને ટ્યુશન કરવા પર બંધી થવાથી અન્ય કલાસીસ કે શાળા સિવાયના શિક્ષકો ટ્યુશનના ભાવ બેફામ લે છે જેથી મધ્યમ વર્ગના માનવી પર આર્થિક ભારણ વધ્યું છે. જે ઘટાડવા પોતાની શાળા સિવાય અન્ય શાળાના વિદ્યાર્થીના ટ્યુશન રાખવા અંગે છૂટ આપવા વિનંતી. આ અંગે કાયદામાં જરૂરી ફેરફાર લાવવા વિનંતી.

— હાલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પાંચ વર્ગોએ સુપરવાઈઝરની જોગવાઈ છે. ચાર વર્ગોએ સુપરવાઈઝરની જોગવાઈ માટે મા. શિક્ષણમંત્રીએ માર્ચ - ૨૦૦૫માં લેખિત હુકમો પણ કરેલ છે. આમાં ખાસ નાણાંનું ભારણ પણ નથી. વહીવટી સરળતા થતાં કાર્ય સુચારૂ રીતે પાર પડે. રાજ્યમાં માત્ર ૨૫૦ શાળાઓમાં સ્થાન વધતાં નજીવો નાણાકીય બોજો છે, જેથી તાત્કાલીક ચાર વર્ગોએ સુપરવાઈઝરની દરખાસ્ત મંજુર કરવા વિનંતી છે.

— ટેટ ધ્વારા જે શિક્ષકો પાસ થયેલ હોય તેઓને તાકીદે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિમણૂક આપવી. જેથી વિદ્યાર્થીનું શિક્ષણ ન બગડે અને સંચાલક મંડળ પર શિક્ષક રાખવા અંગે ખોટો બોજ ન પડે.

— રાજ્યની તમામ યુનિવર્સીટીમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને સેનેટ સભ્ય પદ નથી જે તાકીદે કરવા વિનંતી.

— ૯-૨૦-૩૧ ઉચ્ચતર પગાર ધોરણના બાકી ફિક્સેશન ઝડપથી પૂર્ણ કરવા અંગે.

— ગ્રંથપાલોને ૨૪ વર્ષે બીજુ ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવતું નથી જેના તાકીદે ફીક્સેશન આપવા વિનંતી.

— સહાયકને પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ થતાં તુરંત જ તેને કાયમી બહાલી આપવા અંગે.

— એરીયર્સના બાકી બિલો ૩૧-૩-૨૦૧૩ સુધીમાં ચુકવવા અંગે.

— જીપીએફ અને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનો સમય નક્કી કરવો અને તેની યાદી નોટીસ બોર્ડ પર મુકવી.

— શિક્ષણ વિભાગના તા. ૨૩-૯-૦૪ના ઠરાવનો અમલ કરવો.

— દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ આપવાના સમયે ઉદ્યોગ શિક્ષક પાસે ડાયમંડ જ્યુબીલી વડોદરાનું સર્ટીફીકેટ મંગાય છે તે અંગે.

— નવા પગાર પંચમાં તા. ૧/૧/૦૬ એ જેઓએ વિકલ્પ આપ્યો હોય તેને તા. ૧/૭ નાં રોજ બીજુ ઈન્ક્રીમેન્ટ નિયમ અનુસાર મળે છે પરંતુ કેટલાક શિક્ષકોએ તા. ૨/૧ થી ૩૦/૬ સુધીમાં નિમણુંક પામેલ હોય તેઓએ નિમણુક તારીખે વિકલ્પ આપેલ છે તેમને ૧/૭ નું પ્રથમ ઈનક્રીમેન્ટ મળતું નથી જેની અસર ઉચ્ચતર પગાર ધોરણ લેતી વખતે થાય છે જેમને વિકલ્પ તારીખ સુધારવાની તક આપવાની વિનંતી.

ઉપરોક્ત પ્રશ્નો અંગે અમારા મહામંડળને તાકીદે સત્તાવાર મિટીંગ આપી પ્રશ્નોનો ઉકેલ લાવવા વિનંતી.

આભાર....

પંકજભાઈ કે. પટેલ
પ્રમુખ
ગુ. રા. ઉ. મહામંડળ

**અમદાવાદ શહેર રાજ્ય કારોબારી સભ્યશ્રીની બાકી યાદી :**

૧. સુરેશભાઈ પી. પટેલ, બી.આર.પટેલ નૂતન ફેલોશીપ હાઈસ્કૂલ, આશ્રમ રોડ, અમદાવાદ.

**ભરૂચ જિલ્લાની રાજ્ય કારોબારીની યાદી :**

૧. પ્રકાશચંદ્ર સી. પટેલ, પ્રમુખ - ધી પાયોનીયર હાઈસ્કલૂ, ભરૂચ

૨. મુસ્તાક એચ. તાંદરજાવાલા, મંત્રી - દયાદરા હાઈસ્કૂલ, દયાદરા, તા.જી. ભરૂચ

૩. રાજેન્દ્રકુમાર બી. ભટ્ટ : શ્રીમતી વી. કે. ઝવેરી સાધન વિદ્યાલય, ભરૂચ.

૪. કે. બી. પટેલ - પાલેજ હાઈસ્કૂલ, પાલેજ

૫. ડી. બી. વાલા - શ્રીમતી એમ.એમ. પટેલ હાઈસ્કૂલ, જંબુસર, જિ. ભરૂચ

**રાજકોટ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારો :**

૧. જયંતીલાલ માવજીભાઈ ગડારા - પ્રમુખ, માસુમ વિદ્યાલય, રાજકોટ

૨. ડૉ. બીપીનભાઈ સાવલીયા - ઉપપ્રમુખ, સરદાર પટેલ વિદ્યાલય, રાજકોટ

૩. ડૉ. લીલાભાઈ કડછા -મંત્રી, શેઠ આર. એ. હાઈસ્કૂલ, દેરડી કુભા, જિ. રાજકોટ

૪. દેવેન્દ્રભાઈ દવે - સંગઠનમંત્રી, મહારાણી લક્ષ્મીબાઈ, રાજકોટ

૫. હિતેન્દ્રભાઈ પંડ્યા - સંગઠનમંત્રી, સંગ્રામજી હાઈસ્કૂલ, ગોંડલ, જિ. રાજકોટ

૬. ચંદુભાઈ હીંગળાજીયા - ખજાનચી, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ, રાજકોટ

૭. પ્રવીણભાઈ નંદાણીયા - અન્વેષક - કુંભાણી ગર્લ્સ હાઈસ્કૂલ, જેતપુર, જિ. રાજકોટ

**ગુ.મા. અને ઉ. મા. બોર્ડ દ્વારા પરીક્ષાના તમામ કાર્યોના મહેનતાણા વધારેલ છે જે નીચે મુજબ છે.**

| ક્રમ | હોદ્દો | જુના દર | નવા દર |
|---|---|---|---|
| ૧. | સ્કવોર્ડ કન્વીનર | ૧૦૦ | ૧૫૦ |
| ૨. | સ્કવોર્ડ મદદનીશ | ૦૮૦ | ૧૨૦ |
| ૩. | સુપરવાઈઝર | ૦૪૦ | ૦૭૫ |
| ૪. | ધો.૧૨ સામાન્ય પ્રવાહ પેપર ચકાસણી ૩ કલાક માટેના | ૦૦૪ | ૬.૫૦ |
| ૫. | ધો. ૧૨ વિ. પ્રવાહ પેપર ચકાસણી ૩ કલાક માટેના | ૦૦૫ | ૦૦૮ |
| ૬. | ધો. ૧૨ વિ.પ્રવાહ પેપર ચકાસણી ૨ કલાક માટેના | ૦૦૫ | ૦૦૬ |
| ૭. | પેપર ચકાસણી - સ્થાનીક ભથ્થું | ૦૭૫ | ૦૯૦ |
| ૮. | કો-ઓર્ડીનેટર | ૨૫૦ | ૪૦૦ |
| ૯. | મોડરેટર | ૨૦૦ | ૩૦૦ |

જો તમે પ્રેમથી કામ કરશો તો કામ, રામ, દામ અને નામ ચારેય સિદ્ધ થશે.

# શ્રી અંબિકા રાઈસ એન્ડ પલ્સ મીલ

**આરતી, બેસ્ટ કૃષ્ણ કમોદ, લચકારી, ગુજરાત-૧૭, મસુરી ચોરા તથા આરતી લાપસી ફાડાના ઉત્પાદક તથા વિક્રેતા**

૭૩/૭૪/૧/૨, જી. આઈ.ડી.સી. કંસારી, ખંભાત, જિ. આણંદ (ગુજરાત)
ફોન : (૦૨૬૯૮) ૨૨૧૧૨૩, ૨૨૧૭૨૩
બાબુભાઈ (મો.) ૯૮૨૫૨૨૩૩૧૦
Visit us : www.ambicaricemill.com
Email Id : ambicaricemill33@yahoo.com

# સાંઈ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ

૩૩૦/૧, વડુચી માતા રોડ, મુ. લુણેજ, તા. ખંભાત. જિ. આણંદ (ગુજરાત)
આરતી પૌવાના ઉત્પાદક અને વિક્રેતા
"હર સુબહ કી આરતી કે બાદ આરતી પૌહા"
ફોન : (૦૨૬૯૮) ૨૨૧૫૨૩
મહેન્દ્રભાઈ (મો) ૯૮૨૫૪૧૪૩૧૦
વિશાલભાઈ (મો) ૯૯૭૮૧૭૭૭૧૯, (મો) ૯૯૭૮૧૭૭૭૨૦
Visit us : www.aartipoha.com • Email Id : vishal@aartipoha.com

: ફર્મ :

(૧) અંબિકા આયુર્વેદિક એજન્સી, સુરત - ફોન : (૦૨૬૧) ૨૪૫૨૭૭૬
(૨) આરતી આર્યુવેદિક, સુરત - ફોન : (૦૨૬૧) ૨૪૫૨૭૭૬
(૩) સાંઈનાથ આયુર્વેદિક, સુરત - ફોન : (૦૨૬૧) ૨૪૫૨૭૭૬
(૪) અંબિકા આયુર્વેદિક એજન્સી, ગાંધીનગર
(૫) આરતી સ્ટીલ એન્ડ સીમેન્ટ સપ્લાયર્સ, કંસારી, તા. ખંભાત
(૬) અંબિકા ફાર્મ (હરીપુરા લાટ), ખંભાત

# ધો.૧૦ અને ધો.૧૨ પછી શું ?

**બી.એન. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ**

(સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત)

સરદાર પટેલ ઓવરબ્રીજ, એન.એસ.પટેલ સર્કલ પાસે, સી. પી. પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ,

આણંદ - ૩૮૮૦૦૧. ફોન : ૦૨૬૯૨-૨૫૦૪૩૨

Email : bnparamedical@yahoo.com • Website : www.bnparamedical.org • www.spet69anand.org

આવો, પેરામેડીકલ એન્ડ સાયન્સ ક્ષેત્રમાં ભવિષ્ય ઉજ્જવળ બનાવો...ગુજરાતમાં સૌ પ્રથમવાર ઉત્તમ ગુણવત્તાવાળુ શિક્ષણ

## ધો.૧૨ સાયન્સ માટેનો ઉત્તમ વિકલ્પ

**B.Sc. ઈન મેડીકલ ટેકનોલોજી (સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સંલગ્ન)**

૧. B.Sc. ઈન રીનલ ડાયાલિસીસ ટેકનોલોજી
૨. B.Sc. ઈન ઈમેજીંગ ટેકનોલોજી
૩. B.Sc. ઈન કલીનીકલ લેબ ટેકનોલોજી
૪. B.Sc. ઈન ઓપરેશન થીયેટર એન્ડ એનેસ્થેલિયા ટેકનોલોજી

## પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ડાયાલીસીસ (૧ વર્ષ)

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સંલગ્ન

(કોઈપણ સાયન્સ ગ્રેજ્યુએટ, (હોમ સાયન્સ), નર્સિંગ, બી.પી.ટી. જોડાય શકે છે.)

| ટેકનીશીયન / સર્ટીફિકેટ કોર્સ | પ્રવેશ લાયકાત |
|---|---|
| ૧. ડાયાલિસીસ ટેકનીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |
| ૨. મેડીકલ લેબોરેટરી તથા ઈ.સી.જી. ટેકનીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |
| ૩. એક્ષ-રે અને મેમોગ્રાફી ટેકનીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |

સંલગ્ન : ભારત સેવક સમાજ પ્લાનિંગ કમિશન, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, Reg. No. BSS CC GJ 388001 HE

## ટેકનીકલ જોડાણ

- ઝાયડસ હોસ્પિટલ, આણંદ
- ફેશીનીયસ, જર્મની.
- ગુજરાત કીડની ફાઉન્ડેશન, અમદાવાદ
- ઈનફોક્સ રેડીઓલોજી સેન્ટર, અમદાવાદ

– અતિ આધુનિક સંપૂર્ણ સાધન સુસજ્જ ઈન્સ્ટીટ્યુટ તથા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ફેકલ્ટી
– સરકારી તથા પ્રાઈવેટ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોમાં ટેકનીશીયન/ટેકનોલોજીસ્ટ તરીકેની કારકીર્દી
– હોસ્ટેલની સગવડ, કેમ્પસ રીક્રુટમેન્ટ તથા જોબ કાઉન્સીલીંગની વ્યવસ્થા

પ્રવેશ માટે રૂબરૂ મળો : સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાકે

**ડો. આદિતી ભટ્ટ : ૯૫૭૪૭ ૩૪૪૫૦, દિપક ડી. વૈષ્ણવ : ૯૯૨૪૦ ૭૮૨૪૪**

- ડો. હિમાંશુભાઈ પટેલ (નેફ્રોલોજીસ્ટ), ગુજરાત કીડની ફાઉન્ડેશન, અમદાવાદ.
- ડો. રમણભાઈ પટેલ (FRCS) લંડન મેડીકલ ડિરેક્ટર, સર્જન, તરીકે ૪૦ વર્ષનો બહોળો અનુભવ
- ડો. અતિત કાંટાવાલા (M.S. Ortho) જોઈન્ટ મેડીકલ ડિરેક્ટર
- શ્રી શશીકાન્તભાઈ પટેલ - ડિરેક્ટર, કો-ઓર્ડિનેશન

*Relationship beyond Trust*

# અર્પિત શૈક્ષણિક સંકુલ

રાજકોટ-મોરબી નેશનલ હાઈવે, હડાળા-રાજકોટ. ફોન : ૦૨૮૨૨-૨૯૩૯૯૯, ૯૩૭૫૯ ૯૯૮૯૯, ૯૯૭૯૬ ૦૦૪૦૦

**સ્વપ્નો બતાવવા નથી,**
**સાકાર કરી બતાવવા છે.**

Approved by AICTE Delhi • A.I.E.T. • Affiliated to GTU

- Approved by AICTE, NCTE & Saurashtra University
- Affiliated with GTU & Saurashtra University




Managing Director
**N. C. Sinojia**

## એન્જીનીયરીંગ

**અર્પિત ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી**

**ડીપ્લોમા એન્જીનીયરીંગ**

- મીકેનીકલ એન્જીનીયરીંગ
- સિવીલ એન્જીનીયરીંગ
- ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ
- કોમ્પ્યુટર એન્જીનીયરીંગ
- ઈ.સી. એન્જીનીયરીંગ

- પ્રથમ સેમેસ્ટર રીઝલ્ટમાં સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૦ મો નંબર મેળવેલ છે.
- મિકેનીકલ બ્રાન્ચ - જી.ટી.યુ. માં ૬ઠ્ઠો રેન્ક
- સિવિલ બ્રાન્ચ - જી.ટી.યુ. માં ૭ મો રેન્ક

## અર્પિત કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.)

### સાયન્સ કોલેજ

**અર્પિત ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી**

**સાયન્સ**

- B.Sc. મેથેમેટીક્સ
- B.Sc. ફિઝીક્સ
- B.Sc. કેમેસ્ટ્રી
- B.Sc. માઈક્રો બાયોલોજી

**કોમ્પ્યુટર સાયન્સ**

- B.C.A.
- P.G.D.C.A.
- B.Sc.IT

### અન્ય કોલેજો

**અર્પિત ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્ટસ, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ**

**આર્ટસ**

- B.A.
- B.S.W.

**કોમર્સ**

- B.Com.

**મેનેજમેન્ટ**

- B.B.A.

- અદ્યતન કોલેજ કેમ્પસ
- શ્રેષ્ઠ શિક્ષણ
- અનુભવી મેનેજમેન્ટ દ્વારા સંચાલન

## સ્કુલ એજ્યુકેશન

- ધો. ૧ થી ૧૨
- ધો. ૧૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ

**સ્પોર્ટસ એક્ટીવીટી**

ક્રિકેટ, યોગા, ફુટબોલ, ખો-ખો, કરાટે, બાસ્કેટ બોલ, કબડ્ડી, વોલી બોલ

## વિશિષ્ટતાઓ

- અદ્યતન લેબોરેટરી સુવિધા
- સ્ટુડન્ટસ માટે લાયબ્રેરી સુવિધા
- વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રી વિઝીટ અને સેમીનારનું આયોજન
- અદ્યતન કોમ્પ્યુટર લેબની સુવિધા
- એક્સપર્ટ લેકચરર દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે અનોખુ માર્ગદર્શન અને કેમ્પસ ઈન્ટરવ્યુ તેમજ પ્લેસમેન્ટ માર્ગદર્શન.
- વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટ્સ એક્ટીવીટી
- Wi-Fi કોલેજ કેમ્પસ

## સુવિધાઓ

**બસ સુવિધા**

- રાજકોટ તેમજ મોરબીથી

**હોસ્ટેલ સુવિધા**

- બોયઝ હોસ્ટેલ
- ૪૮૦ વિદ્યાર્થીઓ
- ગર્લ્સ હોસ્ટેલ
- ૧૨૦ વિદ્યાર્થીનીઓ

(તમામ સુવિધાઓ સાથે)





ગ્રાહક નં. :

Book-Post

રવાના :
**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર**
મુખ્ય સંપાદક : હાયર મેસેજ
ડૉ. પ્રો. આર. એસ. ત્રિવેદી
ઉચ્ચતર માધ્યમિક શિક્ષક ભવન,
હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર,
પાલડી, અમદાવાદ
ફોન : ૯૪૨૬૫-૫૧૧૯૯

પ્રતિ, ____________________

મુદ્રક : રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા.લિ. ફોન : ૦૭૯-૨૭૫૪૦૨૪૩